**બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરી ધ્યાને લઈ શાળાને ગ્રાન્ટ કાપ આપવા અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવા બાબત.**

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **ED/MAG/e-file/3/2025/5436/G-1**

સચિવાલય, ગાંધીનગર.

તા. ***e-Sign*** મુજબ

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો તારીખ ૩૧/૧૨/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:ઉમશ/૧૧૦૬/૨૧૩૮/ગ.૧
2. શિક્ષણ વિભાગનો તારીખ ૦૭/૧૨/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ED/GOM/e-file/3/2023/3163/G-1.
3. શિક્ષણ વિભાગનો તારીખ ૨૪/૦૯/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:ED/GOM/e-file/3/2023/3163/G-1.
4. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:ઘ/માધ્યમિક/અનદ-૨/૨૦૨૫/૭૬૭૩.

**આ મુ ખ :-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) પરના તારીખ ૩૧/૧૨/૨૦૦૯ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરી તથા વર્ગ દીઠ પ્રવેશ સંખ્યા અંગેના ધોરણો નક્કી કરવામાં આવેલ. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૨) પરના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ના ઠરાવથી બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા/વધારાના/ક્રમિક વર્ગ વધારા તથા વર્ગ ઘટાડા અંગેની કાર્યપધ્ધતિ નક્કી કરવા સંકલિત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવમાં સરાસરી હાજરીમાં ઘટાડો થતાં વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ શાળાને ગ્રાન્ટ કાપ આપવા અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવા નિયામકશ્રી, શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલ લઘુમતિ શાળાઓ સહિતની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરીમાં ઘટાડો થતાં વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ ગ્રાન્ટકાપ અંગે ધોરણ ૯ થી ૧૨ માટેના માપદંડ આથી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**(અ) વિદ્યાર્થીઓની સરાસરી હાજરીમાં ઘટાડો થતા વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ શાળાને કરવાની થતી ગ્રાન્ટકાપ માટેના માપદંડ:**

શાળાનું શૈક્ષણિક કાર્ય નિયમિત અને અસરકારક રીતે થાય તથા શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે શાળામાં બાળકોની નિયમિત હાજરી બાબતે શાળા સંચાલકો અને શિક્ષકો સતત પ્રયત્નશીલ રહે તે માટે સરકાર દ્વારા શાળાને અપાતી ગ્રાન્ટની બાબતને વિદ્યાર્થીઓની શાળામાં હાજરી સાથે સાંકળવામાં આવે તે જરૂરી છે.

આથી એક વખત વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા મેળવી/જાળવી વર્ગવધારો મંજૂર કરાવ્યા પછી કેટલીક શાળાઓમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની નિયત સંખ્યામાં ઘટાડો માલુમ પડે અને રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા સામે દૈનિક સરાસરી, શહેરી વિસ્તારમાં ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા ન જળવાય ત્યારે નીચેના **Table-II** મુજબ શાળાની નિભાવ ગ્રાન્ટમાં ૨૫% ગ્રાન્ટકાપ આપવાનો રહેશે.

**Table-II**

**A. શહેરી વિસ્તાર**

(૧) શહેરી વિસ્તારની શાળા માટે નિયત માપદંડ મુજબ સરાસરી હાજરી ધ્યાને લેવા વર્ગ દીઠ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા

| વિગત | વર્ગદીઠ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | માપદંડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી૧૨ | ૯ થી૧૨ | ૯ થી૧૨ | ૯ થી૧૨ | |
| વર્ગવધારો આપવાનો થતો હોય ત્યારે | A | B | C | D | E | F | |
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| ક્રમિક વર્ગવધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૩૬ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | ૩૬ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | | ૩૬ | ૬૦ | ૬૦ | |
| | | | | | ૩૬ | ૬૦ | |
| | | | | | | ૩૬ | |
| કુલ વિદ્યાર્થી | ૬૦ | ૯૬ | ૧૫૬ | ૨૧૬ | ૨૭૬ | ૩૩૬ | |

2. શહેરી વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવારી અને ગ્રાન્ટ કાપના માપદંડ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સરાસરી હાજરી @ 80 % | ૪૮ | ૭૭ | ૧૨૫ | ૧૭૩ | ૨૨૧ | ૨૬૯ | કોઇપણ ગ્રાન્ટકાપ નહી |
| સરાસરી હાજરી @ 75% | ૪૫ | ૭૨ | ૧૧૭ | ૧૬૨ | ૨૦૭ | ૨૫૨ | ૨૫% |
| સરાસરી હાજરી @ 70 % | ૪૨ | ૬૭ | ૧૦૯ | ૧૫૧ | ૧૯૩ | ૨૩૫ | ૫૦% |
| સરાસરી હાજરી @ 65 % | ૩૯ | ૬૨ | ૧૦૧ | ૧૪૦ | ૧૭૯ | ૨૧૮ | ૭૫% |
| સરાસરી હાજરી @ 60 % | ૩૬ | ૫૮ | ૯૪ | ૧૩૦ | ૧૬૬ | ૨૦૨ | ૮૦% |

**B. ગ્રામ્ય વિસ્તાર**

(૧) ગ્રામ્ય વિસ્તારની શાળા માટે નિયત માપદંડ મુજબ સરાસરી હાજરી ધ્યાને લેવા વર્ગ દીઠ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા

| વિગત | વર્ગદીઠ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | માપદંડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | |

| વર્ગવધારો આપવાનો થતો હોય ત્યારે | A | B | C | D | E | F | |
|---|---|---|---|---|---|---|---|
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| ક્રમિક વર્ગવધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૨૪ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | ૨૪ | ૬૦ | ૬૦ | ૬૦ | |
| | | | | ૨૪ | ૬૦ | ૬૦ | |
| | | | | | ૨૪ | ૬૦ | |
| | | | | | | ૨૪ | |
| કુલ વિદ્યાર્થી | ૬૦ | ૮૪ | ૧૪૪ | ૨૦૪ | ૨૬૪ | ૩૨૪ | |
| (૨) ગ્રામ્ય વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવારી અને ગ્રાન્ટ કાપના માપદંડ | | | | | | | |
| સરાસરી હાજરી @ 55% | ૩૩ | ૪૬ | ૭૯ | ૧૧૨ | ૧૪૫ | ૧૭૮ | કોઈપણ ગ્રાન્ટકાપ નહી |
| સરાસરી હાજરી @ 50% | ૩૦ | ૪૨ | ૭૨ | ૧૦૨ | ૧૩૨ | ૧૬૨ | ૨૫% |
| સરાસરી હાજરી @ 45% | ૨૭ | ૩૮ | ૬૫ | ૯૨ | ૧૧૯ | ૧૪૬ | ૫0% |
| સરાસરી હાજરી @ 40% | ૨૪ | ૩૪ | ૫૮ | ૮૨ | ૧૦૬ | ૧૩૦ | ૭૫% |

1. ઉપર **Table II** ના કોલમ ૨ થી ૭માં, શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે દૈનિક સરાસરી હાજરીએ ગ્રાન્ટ મેળવવા માટેની પાત્રતા દર્શાવે છે.
2. શાળાના રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૮૦ ટકા પ્રમાણે, વિદ્યાર્થીઓની સરાસરી હાજરીની સંખ્યા ઉપર મુજબ જળવાય ત્યાં ૧૦૦ ટકા ગ્રાન્ટ મળવાપાત્ર થશે.
3. ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૮૦ ટકાથી ઓછી દૈનિક સરાસરી હાજરી હશે ત્યાં ઉપર **Table II** ના કોલમ 8 માં જણાવ્યા મુજબની ટકાવારી અનુસાર નિભાવ ગ્રાન્ટનો કાપ આપવાનો રહેશે.
4. **<u>શહેરી વિસ્તારની શાળાઓમાં</u>** જ્યારે સરાસરી હાજરી તમામ વર્ગોમાં વિદ્યાર્થી પ્રવેશ સામે ૮૦ ટકા હોય તો કોઈ ગ્રાન્ટકાપ આપવાનો રહેતો નથી પરંતુ જે કિસ્સામાં ૭૫ થી ૭૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૭૫ ટકા સામે દર્શાવેલ ૨૫ ટકા ગ્રાન્ટકાપ, જે કિસ્સામાં ૭૦ થી ૭૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૭૦ ટકા સામે દર્શાવેલ ૫૦ ટકા ગ્રાન્ટકાપ, જે કિસ્સામાં ૬૫ થી ૬૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૬૫ ટકા સામે દર્શાવેલ ૭૫ ટકા ગ્રાન્ટકાપ અને જ્યાં ૬૦ થી ૬૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૬૦ ટકા સામે દર્શાવેલ ૮૦ ટકા ગ્રાન્ટકાપ આપવાનો રહેશે. અને ૬૦ ટકાથી નીચે ટકાવારી હોય ત્યારે ૧૦૦ ટકા ગ્રાન્ટકાપ આપવાનો રહેશે.
5. **<u>ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં</u>** જ્યારે સરાસરી હાજરી તમામ વર્ગોમાં વિદ્યાર્થી પ્રવેશ સામે ૫૫ ટકા હોય તો કોઈ ગ્રાન્ટકાપ આપવાનો રહેતો નથી પરંતુ જે કિસ્સામાં ૫૦ થી ૫૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૫૦ ટકા સામે દર્શાવેલ ૨૫ ટકા ગ્રાન્ટ કાપ, જે કિસ્સામાં ૪૫ થી ૪૯ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૪૫ ટકા સામે દર્શાવેલ ૫૦ ટકા ગ્રાન્ટકાપ, જે કિસ્સામાં ૪૦ થી ૪૪ ટકા સરેરાશ હાજરી હોય ત્યાં ૪૦ ટકા સામે દર્શાવેલ ૭૫ ટકા ગ્રાન્ટકાપ અને જ્યાં ૪૦ ટકાથી નીચે ટકાવારી હોય ત્યારે ૧૦૦ ટકા ગ્રાન્ટકાપ કરવાનો રહેશે.
6. ***<u>ગ્રામ્ય વિસ્તારમાં એક એક વર્ગની શાળામાં ખાસ સંજોગોમાં ૫ (પાંચ) વિદ્યાર્થીઓ સુધીની હાજરીની તુટ કમિશનરશ્રી શાળાઓ</u>***





***<u>માફ કરી શકશે. અને તેથી વધારે હાજરીની તુટ માફ કરવાની સત્તા સરકારની રહેશે.</u>***

<u>સ્પષ્ટતા :</u> દરેક ધોરણ તથા દરેક ધોરણના વધારાના વર્ગોમાં વિદ્યાર્થી પ્રવેશ સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓ માટે ગ્રાન્ટ મેળવવા જાળવવાની થતી દૈનિક સરેરાશ હાજરી તદ્દન ભિન્ન બાબત છે. ગ્રાન્ટેડ શાળાઓ માટે ગ્રાન્ટ મેળવવાની પાત્રતા માટે નકકી કરેલ ઉપર મુજબની ટકાવારી પ્રમાણે દૈનિક સરાસરી હાજરી એ શાળાની રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા સૂચવતી નથી પરંતુ રજીસ્ટર્ડ થયેલ/પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી સંખ્યા સામે શાળામાં વિદ્યાર્થીઓનું સ્થિરિકરણ/દૈનિક હાજરી દર્શાવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તારીખ-૦૫/ ૧૨ /૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

***e-Sign/-***

(એ. જી.ચૌધરી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ